# સર્જન (Creation)

વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.
શરૂઆતમાં દેવે, શરૂઆતમાં દેવે આકાશ પૃથ્વી બનાવ્યા રે.
અંધકારમાંહે, અંધકારમાંહે આત્મા હાલતો કીધો રે.

વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.
પ્રથમ દિવસે, પ્રથમ દિવસે અજવાળું બનાવ્યું રે.
બીજે દિવસે, બીજે દિવસે આકાશ મંડળ બનાવ્યું રે.

વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.
ત્રીજે દિવસે, ત્રીજે દિવસે બાગ બગીચા બનાવ્યા રે.
ચોથે દિવસે, ચોથે દિવસે સૂર્ય અને ચંદ્ર બનાવ્યા રે.

વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.
પાંચમા દિવસે, પાંચમા દિવસે પસુંને પંખી બનાવ્યા રે.
છઠે દિવસે, છઠે દિવસે નરનારી બનાવ્યા રે.

વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.
સાતમા દિવસને, સાતમા દિવસને આરામનો દિવસ ફરમાવ્યો રે.
વહાલો મારો વાહ વાહ, વહાલો મારો વાહ વાહ સૃષ્ટિ નો સર્જન હારો રે.

✡✡✡

સુંદર બગીચા (The Fall)

(૧) એવા ઈશ્વરનું વચન ઈશ્વર વચન જીવન આપનારું,
આપનારું ભાઈ જીવન દેનારું,
એવા ઈશ્વરનું વચન ઈશ્વર વચન જીવન આપનારું.

<u>સાખી</u>
ઈશ્વરે એ પ્રેમ છે અને એટલા માટે ઈશ્વરે પોતાની પ્રતિમા અને પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને બનાવ્યું અને તેઓને સુંદર બગીચામાં રાખ્યા અને તેઓનું નામ આદમ હવા રાખ્યું.

(૨) એવા સુંદર બગીચામાં, સુંદર બગીચામાં આનંદ કરતાં,
આનંદ કરતાં એવા કિલોલ કરતાં,
એવા સુંદર બગીચામાં, સુંદર બગીચામાં આનંદ કરતાં.

<u>સાખી</u>
વહાલાઓ આનંદ એ ઈશ્વરનો આશીર્વાદ છે પણ આ આનંદ ચોરી જવાનું કામ શેતાન કે જે ઈશ્વર અને માણસનો દુશ્મન છે ને કરે છે એની ચાલને આપણે સમજીને.

(૩) એવા સુંદર બગીચામાં, સુંદર બગીચામાં શેતાન આવ્યો,
શેતાન આવ્યો સાપરૂપમાં આવ્યો
એવા સુંદર બગીચામાં, સુંદર બગીચામાં શેતાન આવ્યો.

<u>સાખી</u>
વહાલાઓ શેતાનનું કામ ઈશ્વરના વચનને બોલાવવાનું છે એ તેણે તેની ચાલ હવા ચાલી, અને હવાને ભરમાવી.

(૪) ફળ તેણે જોયું, ફળ તેણે ખાધું ને આદમને આપ્યું,
ફળ તેણે ખાધું ને પાપ કીધું (૨)
ફળ તેણે જોયું, ફળ તેણે ખાધું ને આદમને આપ્યું.

<u>સાખી</u>
વહાલાઓ ઈશ્વરે જે ફળ માણસને જે ખાવાનું ના પાડી હતી તે તેઓએ ખાધું અને ઈશ્વર અને માણસનો સંબધ પાપના કારણે તૂટી ગયો.

(૫) એવા સુંદર બગીચામાં, સુંદર બગીચામાં સંબધ તૂટ્યો,
એવા અનંતનો સંબધ, અનંતનો સંબધ પળમાં તૂટ્યો,
એવા ઈશ્વરનું વચન ઈશ્વર વચન જીવન આપનારું.

☼☼☼

# જળપ્રલય (The Flood)

જળપ્રલયમાં નૈયા અમારી હળવે રે હંકાર જે
જલપ્રલય તો કરવો પડશે દુનિયા બગડી જાય જો
જળપ્રલય તો એવો છે એ દુનિયા ડૂબી જાય જો

(૧) પરમાત્માએ નૂહને કીડું વહાણ તું બનાવજે
અલ્યા હે વહાણ તું બનાવજે

(૨) પશુ–પંખીની એક એક જોડી વહાણમાં બેસાડજે
અલ્યા હે વહાણમાં બેસાડજે

(૩) નર–નારીની એક એક જોડી વહાણમાં બેસાડજે
અલ્યા હે વહાણમાં બેસાડજે

(૪) નૂહે મોકલ્યો એક હોલો પૃથ્વીને નિહાળવા
અલ્યા હે પૃથ્વીને નિહાળવા

(૫) વચન આપ્યું મેઘધનુષથી જલપ્રલય નહિ થાય હવે
અલ્યા હે જલપ્રલય નહિ થાય હવે

(૭) નૂહ અને તેના કુટુંબને આશીષ ઈશ્વરે આપીયા
અલ્યા હે આશીષ ઈશ્વરે આપીયા

☼☼☼

# અબ્રાહમનો આશીર્વાદ (Tower of Babel/Abraham)

(૧) આશિષ દીધો આશિષ દીધો,
નૂહને દેવે આશિષ દીધો.

(૨) માણસો વધીયા માણસો વધીયા,
ઇસવારના આશીષથી માણસો
વધીયા.

(૩) બાંધો રે બુરજ બાંધો રે બુરજ,
ઊંચામાં ઊંચો  બાંધો રે બુરજ.

(૪) બાબેલ બૂરાજ બાબેલ બૂરાજ,
ઊંચામાં ઊંચો બાબેલ બુરજ.

(૫) તોયે ના માન્ય આડા જગતના,
પાપો સ્વભાવના પાપ રે જીવડા.

(૬) ઈંટો પાડીને ડામર લઈને,
ઊંચામાં ઊંચો રે બાધો રે બુરજ.

(૭) દેવના જેવા આપણે થઈએ,
બુરજ બાંધી ઈશ્વર થઈએ.

(૮) દેવ જાની તેમના વિચારો,
નીચે ઉતરીઓ જોવાને લોકો.

(૯) ગૂચાવણ ગૂચાવણ પાડી,
ભાષાને બદલી ગૂચાવણ પડી.

(૧૦) લોકોને ઈશ્વરે વિખેરી નાંખ્યા,
લોકોના ભાગલા પડી ગયા.

(૧૧) છતાં ઈશ્વરે પ્રેમ કીધો,
અબ્રાહમે પસંદ કર્યો.

(૧૨) આશિષ દીધો આશિષ દીધો,
દેવે અબ્રાહમને આશીષ દીધો.

(૧૩) આશીષ આપશે આશીષ પામશે,
શ્રાપ આપશે શ્રાપિત થશે.

(૧૪) મુક્તિનો એ આશીષ દીધો,
અબ્રાહમથી એ આશીષ દીધો.

(૧૫) વિશ્વાસ કરશે મુક્તિ પામશે
આવનાર મુક્તિથી મુક્તિ પામશે.

✡✡✡

# શાંતિ રાજ કુમાર (Prince of Peace/Isaiah Prophecy)

યશાયા આવ્યો ભવિષ્યવાણી લાવ્યો,
કૂવારી ગર્ભવતી થશે રે........

તમારે માટે આ ચિન્હ થશે,
નામ ઈમાનુએલ પડશે રે.....
અદભૂતમંત્રી પરાક્રમી દેવ,
સનાતન પિતા રે......

યશાયા આવ્યો ભવિષ્યવાણી લાવ્યો,
કૂવારી ગર્ભવતી થશે રે........

(૧) દુઃખી પુરુષ દર્દનો અનુભવી,
ધિક્કાર પામેલો રે.....
એ એ એ આપણા લીધે તે વિનધાયો
આપણા માટે કચડાયો રે......

યશાયા આવ્યો ભવિષ્યવાણી લાવ્યો,
કૂવારી ગર્ભવતી થશે રે........

(૨) નમ્ર થઈને મો બંધ રાખ્યું,
હલવાનની જેમ કપાવા ગયો રે......
એ એ દૂષતોની જેમ કબર તેમ,
વીણા કારણે તે મારાયો રે........

(૩) મુક્તિ તમને મને મળે,
શાંતિ આપવા આવ્યો રે......
એ એ એ શાંતિનો રાજ કુમાર,
આત્માનો તારનાર
બોલો ઈસુની જાય.......

યશાયા આવ્યો ભવિષ્યવાણી લાવ્યો,
કૂવારી ગર્ભવતી થશે રે........

☼☼☼

# ઈસુનો જન્મ (Jesus' Birth)

ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ......
રે ..... દેવના આતમાથી ગર્ભ થયો.........

દેવે જગતને નિહાળી...ને કિધો પ્રેમ અપાર
પાપી  માનવ તારવા... તેણે લીધો માનવ અવતાર.....
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

લખો કરોડો સ્ત્રીઓમાં...મરિયા માનીતી કહેવાય
મરિયા દેવનો આભાર માન્યો... તે તો તારનારની માતા થાય.
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

રોમ રાજાએ હુકમ કીધો.... ને ત્યાં તો વસ્તી ગણત્રી થાય
લોકો ચાલી નીકળ્યા...ત્યાં તો જોસફને મરિયા સાથ....
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

બેથલેહેમ ને ગામમાં... રહેવાને જગ્યા ના થાય
આશરો મળ્યો ગભાણમાં.... ત્યાં તો ઈસુનો જન્મ થાય
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

અંધારીએ રાતમાં....ભરવાડોનું ટોળું દેખાય
દેવના દુતે દર્શન આપ્યા....ગભાણે ઈસુનો જન્મ થાય
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

ભરવાડો ગભાણે આવ્યા.... ને દીઠા ઈસુને ત્યાંય
જગતરનાર ને ભલીયા... ત્યાં તો આનંદ કીલોલ થાય....
ઈસુનો જન્મ જગતમાં અજાયબ થયો રે લોલ....

☼☼☼

જળદીક્ષા રે (Jal Diksha)

<u>સાખી</u>
હે યોહાન નામનો એક ભક્ત ઈસુ પહેલા પેદા થાય.
દેવનો માર્ગ તૈયાર કરવા જળદીક્ષા આપતો જાય...

(૧) ચાલો લેવા જઈએ જળદીક્ષા રે, (૨)
ભક્ત આવ્યો છે એક વનમાં રે – ચાલો....

<u>સાખી</u>
ઈસુ ગુરુ કહે છે જળદીક્ષા જરૂરી છે સાંભળો જગના લોક
જે પાણીથી જન્મયું નથી. તે સ્વર્ગ નહિ જાય.

(૨) વાણી સુણીને લોકો રે ઉમટ્યા,
ભક્તો પામ્યા પાપની માફી રે – ચાલો.....

<u>સાખી</u>
એવું યોહાન મુખેથી બોલિયારે કેમ આવિયા સપના વંશ.
તમે વાણી પ્રભુની નથી પાળતા રે તો ચાલો હવે તેના સંગ.

(૩) જળદીક્ષાનો મર્મ છે ઊંડો રે,
ફળ પ્રસ્તાવાના તમે આપોને – ચાલો....
<u>સાખી</u>
ઝાડની જડ પર કુહાડો લાગેલો છે ફળ ન આપે તે કપાય.
માને નહિ જે ઈસુનું અગ્નિ ભઠ્ઠીમાં નંખાય.

(૪) ફળ–સારા તમે ઉપજાવો રે,
તો બચી જશો તમે વિનાસથી રે – ચાલો....

<u>સાખી</u>
ઈસુ કહે છે જે કોઈ તમારું સાંભળે છે તે મારું સાંભળે છે.
જે તમારો કરે નકાર તે મારો કરે નકાર.

(૫) કહે ઈસુ ગુરુ ભક્તજનોને રે,
તમે સાંભળો શિષયોની વાણી રે – ચાલો....

✡✡✡

# સનાતન ગુરુ ઈસુના અદ્‌ભુત ચમત્કારો (Jesus' Miracles)

(૧) મોટા ચમત્કાર – ૨
ઈસુ ગુરુએ કીધા રે
બહું મોટા ઉપકાર –૨
ઈસુ ગુરુએ કીધા રે
પાંચ હજારને – ૨
પહાડ ઉપર, જમાડયા રે
થોડા ભાણાથી – ૨
ઘણાં બધાંને જમાડયા રે
પુરૂ છે પાડનાર – ૨
આપ્યા છે પુરાવા રે

(૨) એક હતી નારી – ૨
લોહીવાથી પીડાતી રે
ઈસુની ઉપર – ૨
નારીને મોટી શ્રદ્ધા રે
ઈસુને અડું તો – ૨
સાજી જલ્દી થતું રે
એના વિસવાસે – ૨
સજી તેને કીધી રે

(૩) જન્મથી આંધળા – ૨
ચાહે ઈસુને જોવા રે
બૂમો પાડીને – ૨
ઈસુને પોકારી રે
ઈસુએ સાંભળી – ૨
પાસે તેને બોલાવ્યો રે
બૂમો સુણીને – ૨
ઈસુએ પાસે બોલાવ્યો રે
આંખોએ તેને હાથ લગાડી
પલમાં દેખતો કીધો રે
ઘણાં ચમત્કાર મોટા ચમત્કાર
ઈસુએ જગમાં કીધા રે

(૪) એક દિવસે – ૨
શિષ્યો હોડી જતાં રે
ભર દરિયામાં
પાણી ઉપર ચાલી રે
ઈસુ સામેથી આવ્યા રે
શિષ્યો તે જોઈએ – ૨
અચર પામી ગયા રે
આખી આ કુદરત – ૨
પ્રભુ થયે લાગી

(૫) બેથનીયા ગામમાં – ૨
માર્થા–મારિયા રહેતા રે
લાઝરસ નામે – ૨
માર્થા–મારિયાનો વીરો રે
મરણ પામ્યો – ૨
માર્થા–મારિયાનો વિરલો રે
ચાર દિવસે – ૨
ઈસુ ગુરુ પધાર્યા રે
લાઝરસ નામે – ૨
પ્રભુએ હાંક મારી રે
કબરમાંથી – ૨
જીવતો બહાર કઢિયો રે.

✡✡✡

## શમરૂનીનાર (Woman at the Well)

શમરૂનીનાર શમરૂનીનાર સેખરગામની શમરૂનીનાર
ગાગરવાળી, ગાગરવળી સીંચી પા મને પાણી રે લોલ.

થાકેલો હું થાકેલો હું ચાલી ચાલી થાકેલો હું
પાણી ભરવા આવી છે તું સીંચી પા મને પાણી રે લોલ.

તૃષિત હું  તૃષિત હું ઉનાળાનો તૃષિત હું
પાણી પીવા માગું છું હું સીંચી પા મને પાણી રે લોલ.

શમરૂનીનાર શમરૂનીનાર સેખરગામની શમરૂનીનાર
ગાગરવાળી, ગાગરવળી સીંચી પા મને પાણી રે લોલ.

યહુદી તું સમરૂની હું તારે મારે વેવાર શું?
મારું પાણી પીવાને તું, માંગે છે શામાટે રે લોલ.

માંગનાર હું માંગનાર હું જાણી લે મને આજે રે લોલ.
જીવન જળ મારી પાસે તૃષા તારી છીપાસે રે લોલ.

ડોલ નથી ઊંડો કૂવો ક્યાંથી આવ્યું જીવન જળ.
મુક્તિ ના નાથ મુક્તિ ના નાથ જીવન જળ દે પાઈ.

મુક્તિ મળી મુક્તિ મળી સમરૂની નાર ને મૂકતી મળી.
દોડી ગઈ દોડી ગઈ આખા શહેરમાં દોડી ગઈ.

લોકો ઊમટ્યા લોકો ઉમટ્યા કૂવા ને કાંઠે લોકો ઉમટ્યા.
ઈસુ ગુરુ મળી ગયા લોકોની તૃષા છીપાઈ ગઈ

☼☼☼

# તોફાનની શાંતિ (Storm's Peace)

ભવસાગરના ભારે તોફાનમા આજે હું બોલવું,
મારે સામે કિનારે જાવું  રે જાવું.

આ આ આ મારી નૈયામાં પાપો ઘણાં છે,
ભાવસાગરમાં તોફાન ઘણાં છે,
માટે હું બોલવું મારે સામે કિનારે જાવું.

પવનના જોરે નવ ડૂબે છે,
આલમ–ડોલમ થાય છે,
માટે પ્રભુ હું વિનવું મારે સામે કિનારે જાવું.

ભરનિંદ્રામાં ગુરુને જગાડ્યા
ગુરુજી ઊઠ્યા પવન ગભરાયો
પાણી ગભરાયા શાંત પડી તોફાન.

પ્રભુ સામર્થ નાવમાં જોયું, સાગરમાં જોયું,
સમી ગયું ત્યાં તોફાન ભારે મારે સામે કિનારે જાવું.

✡✡✡

# અશુદ્ધ આત્મા વળગેલાનો છુટકારો (Jesus and the Demoniac)

(૧) હોડીમાં બેસીને જાય,
ઈસુ ગુરુ શિષ્યોને સાથે લઈ જાય – ૨
હે....... હોડીમાં બેસીને જાય,
ઈસુ ગુરુ પેલી પારે જાય.......

<u>સાખી</u>
હોડી માંથી ઉતાર્યો મારો વહાલો,
ને એક માણસ મળ્યો છે ત્યાંય,
અશુદ્ધ આત્મા તેને વળગ્યો હતો,
ને તેની દશા દયા–જનક થાય.

(૨) બંધામાં પડેલો માણસ,
ગુરુ પાસે દોડી દોડી જાય – ૨
હે......દોડી દોડી જાય,
તેનો છુટકારો ત્યાં થાય........

<u>સાખી</u>
સાજો થયો છે જુવાનીયો,
અને આનંદ પામ્યો અપાર,
ગુરુના ચરણોમાં રહેવાની ઠાન લીધી,
ને સેવા માટે થયો તૈયાર.

(૩) આવું હું તારી સાથ,
ઈસુ ગુરુ આવું હું તારી સાથ – ૨
હે......મારું સઘળું જીવન,
ગુરુ તારી સેવામાં પુરૂ થાય........

<u>સાખી</u>
જુવાનીયાએ હઠ લીધી,
તારી પાછળ આવવું છે મારે,
પણ ગુરુએ તેને સમજાવીઓ,
તારા સગા વ્હાલા પાસે જા.

(૪) દસા નગરના શહેરમાં
મારો ગુરુનો મહિમા થાય,
હે.....ગુરુ નો મહિમા થાય,
ત્યાં તો આનંદ–મંગળ થાય.......

☼☼☼

ઝાખીદાની (Zaccheus)

<u>સાખી</u>

હે.........દેવનું રાજ્ય પાસે આવ્યું અને એવી દેવની વાત થાય.
અને ઝખી નામે દાની પસ્તાવાની વાત સમજાય.
અને પસ્તાવો કીધો ઝખીએ ગુરુ ઈસુની સાથ.
અને ચોગનું પાછું ભરીને આજે ઝખીનું મુક્તિ થઈ.

ફરતા, ફરતા ઈસુ આવ્યા એક ગામની માય
ઝખી નામે ઠીંગણો માણસ હતો એક ગામની માય – ૨

(૧) ઊમટ્યું ઊમટ્યું લોકોનું ટોળું ઈસુને જોવા ત્યાં,
ઝાખી નામે ઠીંગણો માણસ હતો ટોળાની માય – ૨

(૨) ટોળાને લીધે જોઈના શક્યો ઈસુ ગુરુને ત્યાંય,
ગુલ્લર ઝાડે નજર પડી ચડી ગયો જાખી ત્યાંય – ૨

(૩) એ જગ્યાએ ગુરુ આવ્યા તે હતું ગુલ્લર ઝાડ,
ઉચે જોઈને ઈસુએ કીધું નીચે ઉતારી આવ – ૨
ઝખી નીચે ઉતારી આવ – ૨

(૪) દેવની વાણી સાંભળી ઝાખી રાજી રાજી થાય,
એ સાંભળી લોકોએ કીધું પાપી ઘરે જાય – ૨
ઈસુ પાપી ઘરે જાય – ૨

(૫) પાપ થકી પસ્તાવો કીધો. ઝાખીએ તેને ત્યાંય,
જેનું પડાવી લીધું તેને ચોગણું પાછું ભરાય – ૨
ચોગણું પાછું ભરાય – ૨

(૬) આ સાંભળી ઈસુએ કીધું ખરો પસ્તાવો થાય,
અબ્રાહમ ના કુળનો આ છે એની મુક્તિ થાય – ૨
એની મુક્તિ થાય– ૨

☼☼☼

# સાચા પ્રેમની વ્યાખ્યા (Prodigal Son)

<u>સાખી</u>
અરે...આ દુનિયામાં એવો કોઈ નથી
જે પ્રેમ ઝંખતો નથી......
માણસોનાં સંબંધોમાં
ફર્યા કર્યા છે ગોળ ગોળ...
ઈશ્વર છે પ્રેમ નો સાગર
જે છે સાચો પ્રમનો સ્વરૂપ....
સાચા પ્રેમને જાણી લો આજે
આ બાપ દીકરાની વાતનો....

અરે...એક હતું ગામ
એમાં એક ધનવાન......(૨)
એ ધનવાનને બે હતા દીકરા,
મોટો ને નાનો–નાનો ને મોટો...
એક હતું ગામ.......

<u>સાખી</u>
એ....બાપ ના  નાના વીરાએ......
માગ્યો બાપ પાસે વારસો....
દુઃખી હૃદયે પિતાએ
દીધો નાના ને વારસો.....

(૧) વારસો લઈને તે ચાલ્યો દૂર દેશમાં,
ઉડાવી દીધા રૂપીયા પાણીમાં
રૂપીયા પાણીમાં મોજ મસ્તીમાં
એક હતું ગામ.......

<u>સાખી</u>
હે... દેશમાં ભારે દુકાળ આવ્યો...
ને ભૂખે મરવા લાગ્યો....
ના મળતા નોકરી
પ્રાણી ચરાવા લાગ્યો....

(૨) ભૂખને ભગાળવા ફાંફા મારે છે,
ફાંફા મારે છે ને આમતેમ ફરે છે,
આમતેમ ફરે છે ને ઘાસ ખાય છે,
એક હતું ગામ.......

<u>સાખી</u>
એ....છેવટે એને ભાન થયું,
ને આવ્યું બાપનું ઘર યાદ
મનમાં પસ્તાવો થયો
ને પડ્યો ઈશ્વર ને પાય....

(૩) ચાલી નીકળ્યો તે પોતાને ગામમાં,
દૂરથી તેને જોઈ બાપે લીધો છે બાથમાં
લીધો છે બાથમાં ને લીધો છે રાજમાં
એક હતું ગામ.......

<u>સખી</u>
એ...મોટાએ જાણી વાતને,
ભરાયો ક્રોધથી ભરપૂર,
મારા માથે નો પાર્ટી,
નાના માટે બિગ પાર્ટી

(૪) બાપે કહ્યું તું બેટા રોજ માંરોજ છે,
તું રોજ મારો છે ને મારું તારુંજ છે,
મારું તારુંજ છે ને સઘળું તારુંજ છે,
એક હતું ગામ.......

<u>સાખી</u>
એ... ઈશ્વરના પ્રેમનો પ્રકાશ મળ્યો....
આ કેવો અધભૂત પ્રેમ,
ખોવાએલો પાછો મળ્યો,
આના જેવો કોઈ સાચો ના પ્રેમ

(૫) ઈશ્વરના સાચા પ્રેમને જાણો....
ખોવાએલા દીકરાને પાછો મળાવ્યો,
પાછો મળવ્યો જીવતો કરાવ્યો,
જીવતો કરાવ્યો ને પાછો મળવ્યો

☼☼☼

# વધસ્તંભની વેદના (Jesus' Death)

<u>ટેક:</u>
મુજ પાપીને માટે દુઃખો સહ્યા,
તારી યાદ ફરી ફરી આવે છે – ૨

(૧) તું પ્રાર્થના કરતો વાડીમાંહે....
શિષ્ય આવ્યો સિપાઈ સાથે, સિપાઈ સાથે,
તને ચુંબન કર્યું, તેને પકડી લીધો,
તને ત્રીસ સિક્કામાં વેચી દીધો,
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૨) તને પકડી રાજાને સોંપી દીધો
રાજાએ તુજને નિર્દોષ કીધો,
લોકોએ ન માણ્યું કચ–કચ કરી,
તને કોરડાના માર માટે સોંપી દીધો,
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૩) રાજાએ પોતાના હાથ ધોયા,
લોકોને ઈસુ સોંપી દીધો,
માથે મુગટ મૂકી તારી મશ્કરી કરી,
તારા મો ઉપર સિપાઈ થૂકી ગયા.
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૪) તને લાકડાનો સ્તંભ ખાંભે દીધો.
ચલાવ્યો આખા શહેરમાં હે.......
ઈસુ પડી ગયો, પગમાં શૂળ લાગી,
છતાં પાછા ઈસુ તું કર્યો નહિ,
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૫ ) તને ખેંચીને ખંભે સુવાડયો પ્રભુ,
હાથે–પગે તને ખીલા માર્યા, ખીલા માર્યા,
કૂખે ભલો માર્યો, પીવાને સરકો દીધો,
છતાં તે લોકોને માફ કીધા
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૬) તારું ભખેજુ બવિષ્ય પુરૂ થયું,
લટકાવ્યો તને ખંભે પ્રભુ,
છતાં મુંગો રહ્યો કશું બોલ્યો નહિ,
તારી યાદ ફરી ફરી આવે છે.....

(૭) પોતાનો આત્મા બાપને દીધો,
પોતાના પ્રાણ તે ખંભે મૂક્યો,
તારું શબ લીધું કબરમાં મૂકી દીધું,
તારી યાદ ફરી ફરી આવે છે.....

☼☼☼

# આનંદ આજે (Resurrection)

<u>સાખી</u>
ત્રીજા દિવસે વહેલી પરોઢે,
ભખેલું ભવિષ્ય પુરૂ થાય,
પ્રતાથી રીતે થાય સજીવન,
તારો–મારો તારણહાર

આનંદ આજે ઉરમાંન માયે,
ઈસુ સજીવન થાય
રે નમું ઈસુ નાથ ને.

ત્રીજા દિવસના પરોઢીયામાં,
ધ્રુજે ધરતી–અપાર,
રે નમું ઈસુનાથ ને.

કે જો પીતરને વળી શિષ્યોને,
ઊઠયો છે એ ઈસુ રાય,
રે નમું ઈસુનાથ ને રે.

દૂતો સ્વર્ગથી આવ્યા ત્યાં,
ઉતરી દેવા ઈસુને માન,
રે નમું ઈસુનાથ રે.

થોમાંએ કીધો સંદેહ આ વાતમાં,
આવ્યા ઈસુજી ત્યાંય,
રે નમું ઈસુનાથ ને રે.

થોમાનો સંદેહ દૂર કરવા,
આપ્યો પુરાવો ત્યાંય,
રે નમું ઈસુનાથ રે

શિષયોની સાથે ભોજન કીધું,
આપ્યો રે દઢ વિશ્વાસ,
રે નમું ઈસુનાથ રે.

આવો અજાયબ ઈશ્વરનો દાવો,
કોણ કરે છે આજ,
રે નમું ઈસુનાથ ને રે.

☼☼☼

## મહાન આદેશ અને ઈશ્વર–આત્માનું આગમન (Great Commission and Holy Spirit)

(૧) જૈતૂનવાળા ડુંગરે અગિયાર ચેલા મળીયા,
મારી વરતો કહેજો જઈ સંદેશો કહેજો,
જાઓ સ્વર્ગીય શહેરમાં હોજી.........૨

(૨) તમે ગામે ગામ જાજો,
તમે ચૌરે ચૌરે જાજો,
તમે પૃથ્વીને છેડે જાજો,
મારી વરતો કહેજો જઈ સંદેશો કહેજો
જાઓ સ્વર્ગીય શહેરમાં હોજી.........૨

(૩) તમે મારા ચેલા કરજો,
ને જળદીક્ષા પણ કરજો,
મારી વરતો કહેજો જઈ સંદેશો કહેજો
જાઓ સ્વર્ગીય શહેરમાં હોજી.........૨

(૪) તમે એક ચીતના થાજો
પ્રાર્થનામાં લાગુ રહેજો
પાવન કરવાનું કહેજો જઈ સંદેશો કહેજો
જાઓ સ્વર્ગીય શહેરમાં હોજી.........૨

(૫) પચાસના પર્વ, ગુરુનો આદેશ માની,
આત્માથી ભરપૂર થયા,
ગામે ગામ ગયા માંદા સાજા કર્યા,
લંગડા ચાલતા કર્યા.

(૬) ગુરુના સાક્ષી થયા,
ગુરુનો મહિમા કીધો,
જઈ સંદેશો કીધો,
જાઓ સ્વર્ગીય શહેરમાં હોજી.........૨

☼☼☼

ઈસુ ભક્તનું જીવન (Believer's Life)

વિશ્વાસી તમે કમજોર ના થાઓ
વિશ્વાસ રાખી તમે ચાલો જીવનમાં.

પાઊલ અને સિલાસ શહેરમાં ગયા
નદીની કાંઠે પ્રાર્થના કરવા ગયા,
લુદીયાનું દિલ પ્રભુ ઈસુએ ખોલ્યું
જળદિક્ષા લઈ ઈસુને સ્વીકાર્યા.

વિશ્વાસી તમે કમજોર ના થાઓ
વિશ્વાસ રાખી તમે ચાલો જીવનમાં.

જુવાન દાસી ભૂત વળગેલી
પાઊલ–સિલાસને હેરાન કરતી,
હુકમ કર્યો પ્રભુ ઈસુના નામે
ભૂત એનું તરત ભાગી ગયું.

વિશ્વાસી તમે કમજોર ના થાઓ
વિશ્વાસ રાખી તમે ચાલો જીવનમાં.

પાઊલ–સિલાસને બંધનમાં નાંખ્યા
લૂઘડા કાઢી ને ફટકા માર્યા,
મધરાતે સ્તુતી ગીત ગાતા
દરોગાને ઘરનું તારણ થયું.

વિશ્વાસી તમે કમજોર ના થાઓ
વિશ્વાસ રાખી તમે ચાલો જીવનમાં.

☼☼☼

# ઈસુ મહારાજ ફરી આવશે (King of Kings Return)

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....

<u>સાખી</u>
એકવાર ઈસુ આવી ગયા,
અને કીધી જગત પર મહેર,
તેત્રીસ વર્ષે તે જગત પૂર રહ્યા,
મૂકી ગયા છે લીલા લેર.

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....

<u>સાખી</u>
સફેદ ઘોડા પર રાજા આવશે રે,
અને કરશે જગતનો ન્યાય,
શેતાન ને તે બાંધી દેશે,
એતો કરશે કાયમનો નાશ.

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....

<u>સાખી</u>
મુક્તિદાતાએ મર્મ  કહ્યો....
ને માર્ગ, સત્ય, તથા જીવન હું છું,
જે કોઈ સાંકડા માર્ગથી આવશે....
હું તેને  પાઈશ જીવનનું જળ.

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....

<u>સાખી</u>
સુંદર શહેર યોહાને જોયું,
અને હતું સોનથી ભરપૂર,
દુઃખ સાપ ત્યાં આવશે નહિ....
ત્યાં રહેશે સૌ મસગુલ....

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....

<u>સાખી</u>
રોજ રોજ સૌ પ્રાર્થના કરો રે,અને મનમાં ન રાખો ચોરી,
વિશ્વાસમાં હશે તો વહાલો જોશે,
પછી તેના તે હાથમાં દોરી

ઈસુ ગયા છે આકાશ વશે, ઈસુ ફરી આવશે....
એતો આવશે ન્યાય ને દહાડે, ઈસુ ફરી આવશે....